**ક્રિમી.પર.અ.નં.૨૪૪/૨૦૨૬.**

**ઓલપાડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬૦૮૬૫ ના કામે અરજદાર વિશાલ છગનભાઈ બુધેલીયા, ઠેકાણુંઃ પ્લોટ–૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪ નાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

---

**–:: આંક–૧ લગત હુકમ ::–**

સદર અરજી **અરજદાર વિશાલ છગનભાઈ બુધેલીયા, ઠેકાણુંઃ પ્લોટ–૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪** ઓનો મુદ્દામાલ **OnePlus Nord 2 5G Blue કલર મોબાઈલ** છે તે મોબાઈલ **ઓલપાડ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૧૪૦૪૨૨૬૦૮૬૫** ના કામે બી.એન.એસ. કલમ–૩૦૩ (૨) મુજબના ગુનાના કામે પોલીસે કબજે લીધેલ છે, તે કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમા મેળવવા બી.એન.એસ.એસ. ની કલમ–૪૯૭ અન્વયે કરેલી છે.

સદર અરજી લગત ઓલપાડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રીનો યોગ્ય મુદત સુધી અભિપ્રાય આવેલ નથી. સદર કામે એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો.

અરજદારના વિ.વકીલશ્રી પી.બી.પટેલ તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

અરજદારના વિ.વકીલશ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર મુદ્દામાલ અરજદારની માલીકીનો છે, સદર મુદ્દામાલ ઈલેકટ્રોનીક વસ્તુ હોય વધુ સમય પો.સ્ટેશનમાં જાળવણી વિના પડી રહે તો ખરાબ થઈ જાય તેમ હોય અને તે બિન ઉપયોગી થઈ જાય તેવી શકયતા છે, સદરહુ મુદ્દામાલ રોજીંદા વપરાશની વસ્તુ હોય તેમા અરજદારના અગત્યના મોબાઈલ નંબર તથા ફોન નંબર સ્ટોર કરેલો હોય અને વધુ સમય પો.સ્ટેશનમા પડી રહે તો અરજદારને આર્થિક નુકશાન સહન કરવુ પડે તેમ છે. જેથી અરજદારને યોગ્ય રકમના બોન્ડ ઉપર મુદ્દામાલ પરત કરવામા આવે તો કેસની ટ્રાયલ દરમ્યાન જયારે જરૂરત પડે ત્યારે તેઓ રજુ કરશે.

અરજદાર તરફે તેઓનો મુદ્દામાલ હોવા સંબંધે રજુ કરેલ દસ્તાવેજોમાં અરજદારના આધાર કાર્ડની નકલ, મોબાઈલ બીલની નકલ, એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે તે તમામની હકીકતો ધ્યાનમાં લેતા અરજદાર મુદ્દામાલ **OnePlus Nord 2 5G Blue કલર મોબાઈલ** ના માલીક હોવાનું જણાય આવે છે. સદર મુદ્દામાલ **OnePlus Nord 2 5G Blue કલર મોબાઈલ** રોજબરોજ ઉપયોગમાં લેવાનું યાંત્રિક સાધન છે અને જો તે બિનઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહેશે તો તેના સ્પેર, પાર્ટસ, સર્કિટ વિગેરેને નુકશાન થાય તેમ છે જે ધ્યાને લેતા તેમજ નામદાર ઉચ્ચ અદાલતનો ચુકાદો એ.આઈ.આર. ૨૦૦૩, સુ.કો.પાના નં.૬૩૫, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાના સિધ્ધાંતોને પણ ધ્યાનમાં રાખતા મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે તે તમામ સંજોગોમાં મુદ્દામાલ **OnePlus Nord 2 5G Blue કલર મોબાઈલ** યોગ્ય રકમના બોન્ડ પોલીસ સ્ટેશને રજુ કર્યેથી તથા શરતોને આધિન અરજદારને કેસના આખરી નિર્ણય સુધી વચગાળાની કસ્ટડીમાં સુપ્રત કરવુ ન્યાયી જણાતુ હોઈ નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

અરજદારની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અન્વયે મંજુર કરી મુદ્દામાલ **OnePlus Nord 2 5G Blue કલર મોબાઈલ** છે તે મુદ્દામાલ અરજદાને મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી વચગાળાની કસ્ટડી તરીકે **અરજદાર વિશાલ છગનભાઈ બુધેલીયા, ઠેકાણું: પ્લોટ–૩૨, વિશાલ નગર સોસાયટી, ચિકુવાડી રોડ, કતારગામ, સુરત–૩૯૫૦૦૪** નાઓને નીચેની શરતોએ સુપ્રત કરવા હુકમ કરવામાં આવે છે.

**<u>//શરતો//</u>**

૧) અરજદારે મુદ્દામાલ કેસના આખરી નિર્ણય સુધી કોઈને ગિરો, બક્ષિસ કે વેચાણથી તબદીલ કરવુ, કરાવવુ નહિ.

૨) અરજદારે મુદ્દામાલના મુળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહિ.

૩) અરજદારે મુદ્દામાલ જયારે કોર્ટ ફરમાવે ત્યારે રજુ કરવુ.

૪) અરજદારે મુદ્દામાલનો કોઈ ગુનાના કામે ઉપયોગ કરવો–કરાવવો નહી.

૫) તપાસ કરનાર અમલદારે ફોટા પાડી તપાસના કામે ચાર્જશીટ સાથે રજુ કરવા.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૬/૨૦૨૬
ઓલપાડ.

(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)
પ્રિન્સી.સીની.સિવિલ જજ અને
એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ00555